પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૮ | ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અમદાવાદમાંથી પાકિસ્તાની જાસૂસ ઝડપાયો

**અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટું એન્ટી ટેરર ઓપરેશન પાર પાડ્યું : આ વ્યક્તિ પાકિસ્તાન ઈન્ટેલીજન્સ સાથે સંકળાયેલો હતો : પૂછપરછમાં તેણે સ્વીકાર્યું છે કે તે સિમ કાર્ડ પાકિસ્તાન મોકલતો હતો**




અમદાવાદ, તા.૨૭

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટું એન્ટી ટેરર ઓપરેશન પાર પાડ્યું છે. કોટ વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક જાસૂસની ધરપરડ કરવામાં આવી છે. આ વ્યક્તિ સિમકાર્ડ અહિંથી ખરીદીને પાકિસ્તાન મોકલતો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ગઈકાલે જ આ ઓપરેશન પૂર્ણ કર્યુ હતુ અને આ વ્યક્તિની મોડી રાતે ધરપકડ કરી લીધી હતી.

પોલીસને મળેલ બાતમી અનુસાર આ વ્યક્તિ પાકિસ્તાન ઈન્ટેલીજન્સ સાથે સંકળાયેલો હતો અને પૂછપરછમાં તેણે સ્વીકાર્યું છે કે તે સિમ કાર્ડ પાકિસ્તાન મોકલતો હતો.

મળતી માહિતી પ્રમાણે કોટ વિસ્તારમાંથી ઝડપાયેલો આ આરોપી અબ્દુલ વહાબ પઠાણ અમદાવાદમાંથી સિમ કાર્ડ ખરીદીને એક્ટિવ કરીને પાકિસ્તાન ઈન્ટેલિજન્સ એજન્સીને આપતો હોવાની વાત સામે આવી છે. ૨૦૧૯થી આરોપી આ કામ કરતો હતો. વહાબ ત્રણથી ચાર વખત પાકિસ્તાન જઈને આવ્યો છે. આ

● અનુસંધાન પાન-૭ પર

## જાપાનના પૂર્વ પીએમ આબેની અંત્યેષ્ટીમાં મોદી હાજર રહ્યા

**અંતિમ સંસ્કાર કાર્યક્રમને ધ્યાનમાં રાખતા ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત : શિન્ઝો આબેના અંતિમ સંસ્કારમાં ૨૦ કરતા વધારે રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારોના પ્રમુખ સહિત ૧૦૦થી વધારે દેશના પ્રતિનિધિ સામેલ થયા**

ટોક્યો, તા.૨૭

જાપાનના પૂર્વ પીએમ શિન્ઝો આબેને અંતિમ વિદાય આપવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સમગ્ર વિશ્વના નેતાઓ હાજર છે. શિન્ઝો આબેના અંતિમ સંસ્કારમાં ૨૦ કરતા વધારે રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારોના પ્રમુખ સહિત ૧૦૦થી વધારે દેશના પ્રતિનિધિ સામેલ થઈ રહ્યા છે.



જાપાનના પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેના રાજકીય અંતિમ સંસ્કાર કાર્યક્રમને ધ્યાનમાં રાખતા ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. પોલીસ મુખ્ય રસ્તાઓ અને જે.આર. ટોક્યો સ્ટેશન સિવાય તે સ્થળ પર પણ કડક નજર રાખી રહી છે જ્યાં લોકોની ભીડ એકઠી થતી હોય છે.

શિન્ઝો આબેના રાજકીય અંતિમ સંસ્કારમાં થનારા ખર્ચને લઈને પણ જાપાનમાં વિરોધ થઈ રહ્યો હતો. શિન્ઝો આબેના રાજકીય અંતિમ સંસ્કાર પર લગભગ ૧.૭ બિલિયન યેન (લગભગ ૧૨ મિલિયન ડોલર) નો ખર્ચ થવાનુ ચર્ચાઈ રહ્યુ છે. વડાપ્રધાન ફુમિયો કિશિદાને આ કાર્યક્રમને રોકવા માટે અરજીઓ, વિરોધ પ્રદર્શનો અને કોર્ટમાં પડકારોનો પણ સામનો કરવો પડ્યો.

## સુપ્રીમ કોર્ટમાં ઐતિહાસિક લાઈવ સ્ટ્રીમિંગ

**પ્રથમ કેસ સેના વિ. સેનાનું પ્રસારણ : સુપ્રીમ કોર્ટે આજે પ્રથમ વખત બંધારણીય બેંચની સુનાવણીનું જીવંત પ્રસારણ કર્યુ હતું, હવે સામાન્ય લોકો પણ કોર્ટની સુનાવણી જોઈ શકશે, બંધારણીય કેસોનું જીવંત પ્રસારણ થશે**

નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટ માટે આજે ઐતિહાસિક દિવસ છે. સુપ્રીમ કોર્ટે આજથી તેની બંધારણીય બેંચની કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યુ હતું. પ્રથમ કેસ સેના વિ. સેનાનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું છે. મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિતની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે, સુપ્રીમ કોર્ટ પાસે ટૂંક સમયમાં લાઈવ-સ્ટ્રીમ માટે પોતાનું પ્લેટફોર્મ હશે. સુપ્રીમ કોર્ટે આજે પ્રથમ વખત બંધારણીય બેંચની સુનાવણીનું જીવંત પ્રસારણ કર્યુ હતું. હવે સામાન્ય લોકો પણ કોર્ટની સુનાવણી જોઈ શકશે. આજથી બંધારણીય કેસોનું જીવંત પ્રસારણ થશે. એસસી એ બંધારણીય બેંચ સમક્ષ કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ કરવાની વ્યવસ્થા કરી છે. આ કેસોમાં ઈડબલ્યુએસ આરક્ષણ, મહારાષ્ટ્ર શિવસેના વિવાદ, દિલ્હી-કેન્દ્ર વિવાદનો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયે જ સુપ્રીમ કોર્ટમાં સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બંધારણીય બેંચના કેસના જીવંત પ્રસારણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## નેશનલ મિશન ફોર ક્લિન ગંગાનું કામ આંખોમાં ધૂળ નાખનારુ: કોર્ટ

**આ મિશન માત્ર રૂપિયા વહેંચવાનું મશીન બનીને રહી ગયું છે, આના બજેટના રૂપિયાથી ગંગાની સફાઈ થઈ રહી છે કે નહીં તેનું કોઈ ધ્યાન રાખી રહ્યું નથી**



પ્રયાગરાજ, તા.૨૭

અલાહાબાદ હાઈકોર્ટે ગંગા પ્રદૂષણ મામલે સુનાવણી કરતા નેશનલ મિશન ફોર ક્લિન ગંગા વિરુદ્ધ આકરી ટિપ્પણી કરી છે. અલાહાબાદ હાઈકોર્ટે કહ્યુ કે નેશનલ મિશન ફોર ક્લિન ગંગાનુ કામ આંખોમાં ધૂળ નાખનારુ છે. આ મિશન માત્ર રૂપિયા વહેંચવાનુ મશીન બનીને રહી ગયુ છે. આના બજેટના રૂપિયાથી ગંગાની સફાઈ થઈ રહી છે કે નહીં તેનુ કોઈ ધ્યાન રાખી રહ્યુ નથી.

આ ટિપ્પણી ચીફ જસ્ટિસ રાજેશ બિંદલ, જસ્ટિસ મનોજ કુમાર ગુપ્તા અને અજિત કુમારની બેન્ચે ગંગા પ્રદૂષણ મામલે સુનાવણી દરમિયાન મિશનના બજેટની વિગતોની જાણકારી માગવા અંગે સામે આવેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને કરી છે.

કોર્ટે પૂછ્યુ કે આ મિશન હેઠળ ગંગા સફાઈ માટે ખર્ચ કરવામાં આવેલા કરોડો રૂપિયાના બજેટથી કામ થયુ છે કે નહીં આનો કંઈ જવાબ મળ્યો નહીં. આ પહેલા સુનાવણી શરૂ થતા જ કોર્ટે મિશન સાથે જોડાયેલા વિભિન્ન બોર્ડ અને વિભાગોના સોગંદનામા પર વારાફરતી જાણકારી માગી.

## NIA-ED દ્વારા સાત રાજ્યોમાં દરોડા

**૧૫૦થી વધુની ધરપકડ : કેન્દ્ર સરકાર એક તરફ PFI સામે કડક પગલાં રહી છે : સમગ્ર દેશમાં PFI સંસ્થા સાથે જોડાયેલા સદસ્યો સહિત સંસ્થાઓ સામે કેન્દ્રીય તપાસ એજન્સી દ્રૈંછ અને ઈડીએ વધુ એક જોઇન્ટ ઓપરેશન પાર પાડ્યું છે**

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્ર સરકાર એક તરફ PFI સામે કડક પગલાં રહી છે. ત્યારે સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે જાણવા મળ્યું છે કે, સમગ્ર દેશમાં PFI સંસ્થા સાથે જોડાયેલા સદસ્યો સહિત સંસ્થાઓ સામે કેન્દ્રીય તપાસ એજન્સી NIA અને EDએ વધુ એક જોઈન્ટ ઓપરેશન પાર પાડ્યું છે. સાત રાજ્યોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. તેમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, આસામ, કર્ણાટક, દિલ્હી અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. દ્રૈંછના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આજે સર્ચ ઓપરેશનમાં કેન્દ્રીય જાસૂસ એજન્સી IB અને રાજ્ય પોલીસની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, વહેલી સવારથી જ દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે કેટલાંક રાજ્યોમાંથી પોલીસે PFI કેડર્સની અટકાયત કરી છે. ૬ વાગ્યા સુધીમાં ૧૭૦થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, દિલ્હીના શાહીનબાગ, જામિયા સમેત અન્ય કેટલાંક વિસ્તારોમાં પણ દરોડા પાડવામાં આવ્યાં છે અને લોકોની ધરપકડ કરવામાં આવી છે. કેન્દ્રીય એજન્સીઓ સાથે દિલ્હી પોલીસનો સ્પેશિયલ સેલ અને લોકલ પોલીસ સ્ટેશનની ટીમોએ પણ દરોડા પાડવામાં સહયોગ આપ્યો હતો અને એક ડઝન જેટલાં લોકોની ધરપકડ કરી છે. હકીકતમાં, એએનઆઈ અને ઈડીએ ઈનપુટ આપ્યું હતું કે પીએફઆઈ હિંસક પ્રદર્શનની યોજના બનાવી રહી છે. ત્યારબાદ દરેક રાજ્યમાં વારાફરતી રેડ પાડવામાં આવી હતી. PFIના પ્રમુખ ઓએમએ સલામ છે અને ઉપપ્રમુખ ઈએમ અબ્દુલ રહીમાન છે. અનીસ અહેમદ આ સંગઠનના જનરલ સેક્રેટરી છે. આ સિવાય ત્રણ સચિવ વીપી નસરુદ્દીન, અફસર

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રસિદ્ધ અભિનેત્રી આશા પારેખને ૨૦૨૦નો દાદા સાહેબ ફાળકે એવોર્ડ

**બ્લેક એન્ડ વાઈટ યુગથી માંડીને રંગીન ફિલ્મો સુધીના આધુનિક યુગના સાક્ષી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૨૭

ભારત સરકારે બોલીવુડના પીઢ અભિનેત્રી અને નિર્માતા આશા પારેખને ૨૦૨૦નું રાષ્ટ્રીય દાદા સાહેબ ફાળકે પુરસ્કાર સન્માન એનાયત કરવાનો નિર્ણય કર્યો છે.



કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન અનુરાગ ઠાકુરે મંગળવારે દિલ્હીમાં આ જાહેરાત કરી હતી.

આશા પારેખ બોલીવુડના સુવર્ણયુગ ગણાતા બ્લેક એન્ડ વાઈટ યુગથી માંડીને રંગીન ફિલ્મો સુધીના આધુનિક યુગના સાક્ષી રહ્યા છે. તેમની જાણીતી ફિલ્મોમાં કટી પતંગ, કારવા, તથા તીસરી મંજિલ સહિતની અનેક સુપરહિટ ફિલ્મોનો સમાવેશ થાય છે. તેમણે તેમના જમાનાના તમામ ટોચના સ્ટાર અને બેનર સાથે કામ કર્યું હતું અને બોલીવુડની એક ટોચની અભિનેત્રી તરીકે સ્થાન મેળવ્યું હતું. એ સમયની સંખ્યાબંધ ગુજરાતી ફિલ્મોમાં પણ તેમણે અભિનય કર્યો હતો.

## શિવસેનાના ચૂંટણી ચિહ્ન પર પંચમાં સુનાવણીનો સ્ટે હટાવી લેતી સુપ્રીમ કોર્ટ

**શિવસેનાનું ચિહ્ન કોના પર કાયદાકીય યુધ્ધ : મહારાષ્ટ્રમાં લગભગ ૫૦ ધારાસભ્યોનું સમર્થન પ્રાપ્ત કરી ચૂકેલું શિંદે જૂથ પોતાને 'અસલી શિવસેના' ગણાવી રહ્યું હતું, જે બાદ ઠાકરેના નેતૃત્વવાળા જૂથે સુપ્રીમ કોર્ટની શરણ લીધી હતી**

નવી દિલ્હી , તા.૨૭

જૂન મહિનામાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરી પોતાનું અલગ જૂથ રચનારા એકનાથ શિંદે અને ઠાકરે વચ્ચે હવે અસલી શિવસેના કોણ એના ઉપર કાયદાકીય યુદ્ધ ચાલી રહ્યું છે. ભાજપના ટેકાથી મુખ્યમંત્રી તરીકે સત્તા ઉપર આવેલા શિંદે જૂથને આજે એક મોટી સફળતા મળી છે. સુપ્રીમ કોર્ટે શિવસેનાના ચૂંટણી ચિહ્ન અંગે ભારતના ચૂંટણી પંચ સમક્ષ ચાલી રહેલી સુનાવણી ઉપર સ્ટે હટાવી દીધો છે. એટલું જ નહી પણ આ કાર્યવાહી આગળ ચાલુ રહેશે એવો નિર્યણ આપી ઉદ્ધવ ઠાકરેએ જૂથની અરજી નકારી કાઢી છે.

મહારાષ્ટ્રમાં લગભગ ૫૦ ધારાસભ્યોનુ સમર્થન પ્રાપ્ત કરી ચૂકેલુ શિંદે જૂથ પોતાને 'અસલી શિવસેના' ગણાવી રહ્યા હતા. જે બાદ ઠાકરેના નેતૃત્વવાળા જૂથે સુપ્રીમ કોર્ટના શરણ લીધા, જ્યાં સીએમ શિંદેને સરકારમાં બોલાવવાના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. સાથે જ ઠાકરે કેમ્પએ શિંદેનુ સમર્થન કરી રહેલા ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવાની માગ પણ કરી હતી.

## બુરખો પહેરીને આવેલી મહિલાઓએ દુર્ગા પંડાલમાં મૂર્તિમાં કરી તોડફોડ

**હૈદરાબાદના ખૈતરાબાદમાં માં દુર્ગાનો પંડાલ બનાવવામાં આવ્યો હતો, તેમાં અચાનક બે મહિલાઓ ઘુસી ગઈ હતી**

હૈદરાબાદ, તા.૨૭

હૈદરાબાદના ખૈરતાબાદમાં માં દેવીની પ્રતિમા સાથે તોડફોડ કરવામાં આવ્યા છે. મામલો એટલો વધુ બગડી ગયો કે પંડાલમાં આગ પણ લગાવી દેવામાં આવી હતી. ઉપદ્રવીઓએ આ કૃત્ય નવરાત્રિના પાવન દિવસોમાં કહ્યું છે. નોંધનીય છે કે સવારે બે મુસ્લિમ મહિલાઓ બુરખો પહેરીને પંડાલમાં ઘુસી અને તોડફોડ કરી હતી.

નોંધનીય છે કે હૈદરાબાદના સેન્ટ્રલ ઝોનના ડીસીપી રાજેશે જણાવ્યુ કે આજે સવારે બે મુસ્લિમ મહિલાઓએ ખૈરતાબાદ સ્થિત એક પંડાલ માં ઘુસી દેવી દુર્ગા માતાની મૂર્તિના એક ભાગમાં તોડફોડ કરી હતી.

એક મહિલાએ સ્નેપર (પાનુ) લઈ જતી જોવા મળી અને તેણે એક સ્થાનીક વ્યક્તિ પર હુમલાનો પ્રયાસ કર્યો જેને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પરંતુ સ્થાનીક લોકોએ બંનેને પકડીને સૈદરાબાદ પોલીસના હવાલે કરી દીધી. પોલીસે કહ્યું કે અમે તેમની વિગતો ચકાસવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ તેઓ ખૂબ જ વિચિત્ર વર્તન કરી રહ્યા છે. તપાસ ચાલુ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર માં દુર્ગાનો પૂજા પંડાલ બનાવવામાં આવ્યો હતો. તેમાં અચાનક કાળા બુરખો પહેરીને બે મુસ્લિમ મહિલાઓ ઘુસી ગઈ અને મૂર્તિમાં તોડફોડ કરવા લાગી. ત્યારબાદ તેમણે પ્રતિમાને પણ ખંડિત કરી છે. પરંતુ ત્યારબાદ લોકોએ તેને ઝડપીને પોલીસના હવાલે કરી દીધી હતી.

**કોર્પોરેટ કંપનીના કામ માટે**

પાર્ટટાઈમ કામ કરી શકે તેવા

**નિવૃત્ત સેક્શન અધિકારી/ અંડર સેક્રેટરી/ડે. સેક્રેટરી જોઈએ છે. મહેસૂલ તથા શહેરી વિકાસ વિભાગના અનુભવીને પસંદગી.**

તમારો બાયોડેટા વોટ્સએપ કરો.

**96626 48086**

卐 આજથી મંગલ પ્રારંભ 卐

**દિપાવલીના તહેવારો માટે**

ગાંધીનગરનો એકમાત્ર સૌથી મોટો ડ્રાયફ્રૂટસ સ્ટોર્સ

વિવિધ પ્રકારના ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ, ગીફ્ટ હેમ્પર્સ અને ફ્રેશ ગુણવત્તાવાળું તમામ પ્રકારનું ડ્રાયફ્રુટ, ઈમ્પોર્ટેડ ચોકલેટ વિગેરે વ્યાજબી ભાવે મેળવવા સંપર્ક કરો.

ARIHANT DRY FRUITS **અરિહંત ડ્રાયફ્રુટ્સ**

શોપીંગ સેન્ટર, બેંક ઓફ બરોડા સામે, સેક્ટર-૨૨, ગાંધીનગર.

હેમાંગ ગાંધી - ૯૩૭૭૭ ૨૩૧૬૪ આર.ડી.ગાંધી - ૯૯૨૪૧ ૨૩૧૬૪

### શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ

સરઢવ, તા.જી. ગાંધીનગર-પીન - ૩૮૨૬૪૦

**જાહેર નિવિદા નં.-૦૧ સને ૨૦૨૨-૨૩**

શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળ, શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ અને સરઢવ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે હાથ ધરેલ વિકાસ પ્રોજેક્ટ એવા નારાયણ સ્ટેડિયમ - રમતગમતના સાર્વજનિક મેદાનની ફરતે કમ્પાઉન્ડ વૉર અને ગેટ બનાવવાના કામ પૈકી કમ્પાઉન્ડ વૉલના કામના ફક્ત લેબર કામ માટે ઓફ લાઈન ભાવો માંગવામાં આવે છે. લેબર કામની બેઝિક અંદાજીત કિંમત રૂ. ૯ લાખ છે. કામના કોરા ભાવ પત્રકો ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૪/૧૦/૨૦૨૨ના રોજ ૧૬-૦૦ કલાક સુધી તથા ભાવ પત્રકો ભરીને આર.પી.એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી પરત લેવાની છેલ્લી તા. ૧૧/૧૦/૨૦૨૨ છે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો આ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ છે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સત્તા શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ, મુ.પો. સરઢવ, તા.જી. ગાંધીનગરની અબાધિત રહેશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

સહી/-

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ

સરઢવ, તા.જી. ગાંધીનગર